# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :03-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# CODE OF CONDUCT IN STATE

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ સાથે આદર્શ આચારસંહિતાના કડક અમલ માટે વહીવટી તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

અમરેલીમાં જાહેર, ખાનગી કે મકાનોની દિવાલ પર સૂત્રો લખવા, પૉસ્ટર કે પ્રચાર સામગ્રી ચોંટાડવા સંબંધિત કાયદાઓનો ચુસ્ત અમલ કરવા અધિક જિલ્લા મૅજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે.

ડાંગમાં મુખ્ય માર્ગો પર કાર્યપાલક ઇજનેરની ટુકડી દ્વારા 19 સ્થળ પર માર્ગ અને મકાન વિભાગ તથા માહિતી વિભાગ દ્વારા પ્રદર્શિત કરાયેલી જાહેરાતોના હૉર્ડિંગ્સ અને બૅનર્સ ઉતારી લેવાયા છે.

મહેસાણામાં મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારમાંથી 80 જેટલા હૉર્ડિંગ્સ હટાવાયા છે.

રાજકોટમાં આદર્શ આચારસંહિતાના અસરકારક અમલીકરણ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડૉક્ટર ઓમપ્રકાશની અધ્યક્ષતામાં ચૂંટણી પ્રક્રિયામાં સામેલ થનારા અધિકારીઓની બેઠક યોજાઈ.

# WEATHER STATE OVERALL

હવામાન વિભાગે આજે કચ્છ, દ્વારકા, જામનગર સહિતના જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં એકસાથે બે પ્રણાલિ સક્રિય થતાં વરસાદ થઈ શકે છે, તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD)**

દરમિયાન રાજ્યમાં આગામી 24 કલાકમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સૅલ્સિયસનો ઘટાડો થવાની પણ સંભાવના છે. બીજી તરફ, બપોરે 12 વાગ્યા સુધીમાં રાજ્યના 10 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલ છે.

જામનગરમાં પણ આજે અનેક વિસ્તારમાં વરસાદ થયો.

**(VOICECAST: JAGAT RAVAL)**

કચ્છના ગાંધીધામ, અંજાર, મુંદરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ થતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

તો, દેવભૂમિદ્વારકામાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ યથાવત્ રહ્યો. ખંભાળિયા, કલ્યાણપુર અને ભાણવડ તાલુકામાં વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ઉપરાંત ધરમપુર, હર્ષદપુર અને વિંજલપર વિસ્તારમાં વીજળીના કડાકા સાથે વરસાદ નોંધાયાના અહેવાલ છે.

# CHHATRAPATI SHIVAJI MAHARAJ PUNYATITHI

હિન્દવી સ્વરાજ્યના પ્રણેતા, કુશળ પ્રશાસક, અદમ્ય સાહસ અને શૌર્યના પ્રતીક એવા છત્રપતિ શિવાજી મહારાજની આજે પુણ્યતિથિ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ છત્રપતિ શિવાજી મહારાજને તેમની પુણ્યતિથિ નિમિત્તે વંદન કર્યા.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે લખ્યું, માતૃભૂમિની રક્ષા, ન્યાયી શાસન અને ધર્મના સંરક્ષણ માટેના તેમના આદર્શ આજે પણ આપણને રાષ્ટ્રસેવા માટે નવી ઉર્જા પૂરી પાડે છે. તેમણે છત્રપતિ શિવાજી મહારાજના જીવનને સ્વરાજ્ય અને સુરાજ્યના સંકલ્પને સિદ્ધ કરવાની પ્રેરણા સમાન ગણાવ્યું.

# BHARUCH GOOD FRIDAY

ભરૂચમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા ગુડ ફ્રાઈડે નિમિત્તે વિવિધ ચર્ચમાં પ્રાર્થનાસભાઓ યોજાઈ. આજના દિવસે પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપેલા બલિદાનને યાદ કરાય છે. આ પ્રસંગે એબેન એઝર મેથોડિસ્ટ ચર્ચના પાળક રેવ જગદીશ ખ્રિસ્તીએ શ્રદ્ધાળુઓને પ્રભુ ઈસુ ખ્રિસ્તના બલિદાનનો સંદેશ આપ્યો. તેમણે માનવતા, પ્રેમ અને ક્ષમાના મૂલ્યો પર ભાર મૂકતા દેશ, વિશ્વ અને ભરૂચ શહેરની સુખ-શાંતિ માટે પ્રાર્થના પણ કરી.

# KACHCHH GREAT INDIAN BUSTARD

રાજ્યના કચ્છ ક્ષેત્રમાં અંદાજે એક દાયકા પછી ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ એટલે કે, ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે. ગુજરાત અને રાજસ્થાનના વન વિભાગ, પર્યાવરણ મંત્રાલય અને ભારતીય વન્યજીવન સંસ્થાના સંયુક્ત પ્રયાસને કારણે અબડાસા વિસ્તારમાં આ બચ્ચાનો જન્મ થયો હતો. રાજ્યના મુખ્ય વનસંરક્ષક ડૉક્ટર એ. પી. સિંઘે આ અંગે કહ્યું, 'જમ્પસ્ટાર્ટ અભિગમ' નામની અત્યાધુનિક સંરક્ષણ પદ્ધતિ દ્વારા આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

(BYTE: DR. A. P. SINGH, PRINCIPAL CHIEF CONSERVATOR OF FORESTS & HEAD OF THE FOREST FORCE)

# RAJKOT RPF ACHIEVEMENT

રાજકોટ ડિવિઝન રેલવે સુરક્ષા દળ RPF દ્વારા ગત એક વર્ષમાં 38 લાખ 98 હજાર રૂપિયાથી વધુનો સમાન તેના મૂળ માલિકને પરત કરાયો છે. આ સાથે જ દળે 103 ગુનેગારોની ધરપકડ કરી તેમજ 27 બાળકોનું પરિવાર સાથે મિલન કરાવ્યું છે.

# MEHSANA JEERU AAVAK

મહેસાણાના ઊંઝા માર્કેટિંગ યાર્ડમાં રજાઓ બાદ બજાર ફરીથી શરૂ થઈ છે. યાર્ડમાં જીરુંની 25 હજારથી વધુની બોરીની આવક નોંધાઈ. ખેડૂતોને જીરુંનો ત્રણ હજાર 800 રૂપિયાથી ચાર હજાર 400 રૂપિયા સુધીનો ભાવ મળી રહ્યો છે.